**-: નમુનોઃ અ :-**

દાખલ તારીખ: ૧૦/૧૧/૨૦૨૫

રજીસ્ટરે લીધા તારીખ:૧૦/૧૧/૨૦૨૫

ફેંસલ તારીખ: ૧૬/૦૪/૨૦૨૬

સમયગાળો: ૦ વર્ષ ૫ માસ ૬ દિવસ

**વિરમગામનાં મહે. એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની અદાલતમાં, મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૯૯૫/૨૫**

**આંક-૨૨**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશનની કલમ- ૬૫ એએ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ૧૧૧૯૨૦૬૦૨૫૦૦૬૮/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશનઃ | વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષઃ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફેઃ | વિ.એ.પી.પી.શ્રી એમ.એ.ધાસુરા |
| આરોપીઃ | **કરણભાઇ છોટાજી ઠાકોર**<br>રહે. જખવાડા તા.વિરમગામ જી.અમદાવાદ |
| આરોપી તરફેઃ | વિ.વ.શ્રી જી.એમ.ડામોર |

**- ::: નમુનોઃ બ ::: -**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૨/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલ ની તારીખ | ૧૫/૦૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૧૧/૨૦૨૫ |
| તહોમતનામુ/ પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૯/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| ચૂકાદો મુલતવી રાખ્યાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

**<u>આરોપીની વિગતઃ</u>**

| ક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી? | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરણભાઇ છોટાજી ઠાકોર | ૧૧/૦૩/૨૦૨૫ | ૧૧/૦૩/૨૦૨૫ | પ્રોહીબ ીશન ની કલમ–૬૫ એએ | નિર્દોષ | – | – |

**– ::: નમુનોઃ ક :::–**

**– ::: સાહેદોનુ લિસ્ટ :::–**

**અ. ફરીયાદપક્ષ તરફે સાહેદોઃ**

| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૮ | વિષ્ણુજી લઘાજી ડુમાણીયા | પંચસાહેદ |
| ૨ | ૧૧ | ભરતભાઇ નાગજીભાઇ ઠાકોર | પંચસાહેદ |
| ૩ | ૧૩ | કિરણભાઇ ગણેશભાઇ | ફરીયાદી |
| ૪ | ૧૭ | બીપીનભાઇ દીલીપભાઇ | ત.ક.અ |

**–:: દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ::–**

**બ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજ**

| ક્રમ. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચનામુ |
| ૨. | ૧૪ | ફરીયાદ |
| ૩. | ૧૮ | રવાનગી પત્રક |

## **JUDGMENT**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ગઇ તા. ૧૫/૦૨/૨૦૨૫ ક. ૧૮/૧૦ વાગે મોજે જખવાડા ગામે તા. વિરમગામ પોતાના કબ્જા ભોગવટામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લી. ૧૩ કી. રૂ. ૨૬૦૦ નો રાખી પોલીસ રેડ દરમ્યાન ઘરે હાજર નહિં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપતા સદરહુ વિરમગામ રૂરલ પો.સ્ટે. સી ગુના રજી.નં.૧૧૧૯૨૦૬૦૨૫૦૦૬૮/૨૦૨૫ થી પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબના ગુનાની નોંધ કરી, ત.ક.અમલદાર ધ્વારા

ગુનાની તપાસ કરતા જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી સામે પુરતો પુરાવો મળતા અત્રેની કોર્ટમા ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામે ઉપરોક્ત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢવામા આવેલ, પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતાં બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે આરોપીને આપવામાં આવેલ તથા તે અંગે ખાત્રી કરવામા આવેલ. ત્યારબાદ આંક–૦૫ થી તહોમતનામુ તથા આરોપીની પ્લી આંક–૦૬ થી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ છે, જે નોંધી લઈ કામ ફરીયાદપક્ષનો પુરાવો રજુ થવા પર રાખવામાં આવેલ.

**(૩)** સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોક્ત જણાવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીનાઓએ વધુ સાહેદો તપાસવાની જરુરીયાત ન હોય તેવુ જણાવતાં, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે અને તેમા તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે તેમ જણાવે છે.

**(૫)** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬)** ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતા આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–– મુદ્દાઓ––**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના આરોપી ગઈ તા. ૧૫/૦૨/૨૦૨૫ ક. ૧૮/૧૦ વાગે મોજે જખવાડા ગામે તા. વિરમગામ પોતાના કબ્જા ભોગવટામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લી. ૧૩ કી. રૂ. ૨૬૦૦ નો રાખી પોલીસ રેડ દરમ્યાન ઘરે હાજર નહિં મળી આવી પ્રોહીબીશનની એક્ટની કલમ–૬૫ એએ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દા અંગે આ કોર્ટનો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છેઃ–

(૧) નકારમાં**,**

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણય પરત્વેના કોર્ટના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.–૧**

**(૮)**હવે પુરાવાના કાયદા અનુસાર તહોમત પુરવાર કરવાનો ભાર ફરીયાદપક્ષ ઉપર રહેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાનો રહે છે. આમ કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.

ઉપરોક્ત વિગતે હાલના કેસના ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામા આવે તો ફરીયાદપક્ષે **પંચસાહેદ વિષ્ણુજી લઘાજી ડુમાણીયાને આંક–૦૮** થી તથા પંચસાહેદ **ભરતભાઇ નાગજીભાઇ ઠાકોરને આંક–૧૧** થી તપાસવામા આવેલ છે. સદર પંચસાહેદો તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે પોલીસે તેઓને એક લખેલા તૈયાર કાગળમા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓ સહી કર્યા સિવાય પંચનામાંની વિગતે કાઇ જાણતા નથી. તેઓને આંક–૦૯ થી રજુ પંચનામુ બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓએ સહી કરી ત્યારે બીજા કોઇએ સહી કરેલ નહી અને તેઓએ જેમા સહી કરેલ તે તેઓએ વાચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. સદર પંચસાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી દ્વારા સદરહુ પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતા ફરીયાદપક્ષને કોઇ સમર્થન આપતા નથી.

સદર પંચસાહેદોની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ

ઉલટતપાસમા એ હકીકતનો સ્વકાર કરેલ છે કે તેઓએ તૈયાર પંચનામામા સહી કર્યા સિવાય બીજુ કાઇ જાણતા નથી.

આમ, આ પંચસાહેદો તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી તેમની હાજરીમા કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી કોઇ જ હકીકતને સમર્થન આપતા નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ આંક-૦૯ વાળુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૯) ફરીયાદપક્ષે ફરીયાદી કિરણભાઈ ગણેશભાઈને આંક-૧૩ થી** થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે અમો તથા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલી જખવાડા ગામે ઠાકોર વાસમા રહેતો કરણભાઈ છોટાભાઈ ઠાકોર નાઓ પોતાના ઘરે ગે.કા. દેશી દારૂનુ વેચાણ કરે છે. જે બાતમી હકીકતના આધારે પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચોને આ હકીકતથી વાકેફ કરેલા અને પંચો સાથે બાતમી વાળી જગ્યાએ જતા કોઈ હાજર મળી આવેલ નહી. ઘર બાબતે ખાત્રી તપાસ કરતા સદરીનું હોવાનું જાણવા મળેલ. સદર ઘરની ઝડતી તપાાસ કરતા સદર મકાન ગોવિંદજી છોટાજી ઠાકોરનુ હોય ઘરની તપાસ કરતા ઘરના ખૂણામાંથી એક પ્લાસ્ટિકના ટપમાં પ્રવાહી ભરેલ મળી આવેલ જેનુ પંચો રૂબરૂ જોતા આશરે ૧૩ લીટર કી.રૂ. ૨૬૦૦/- નો દેશી દારૂ મળી આવેલો. સ્થળ પરથી જે દારૂ મળી આવેલ તેમાંથી થોડો દારૂ કેમીકલ સેમ્પલ અર્થે કબજે લીધેલ અને બાકીનો દારૂ તપાસ અર્થે કબજે લીધેલ અને આ મતલબનુ પંચો રૂબરૂ પંચનામું કરેલ. બાદમાં પોલીસ સ્ટેશને આવી અમોએ ધોરણસરની ફરીયાદ આપેલી.સદર ફરીયાદ આંક-૧૪ થી રજુ છે જેમા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા અને કેટલા વાગે

સ્થળ પર પહોચેલા તેનો કોઈ સમય ફરીયાદમાં જણાવેલ નથી. આરોપીની સ્થળ પરથી અટક કરેલ નથી. રેઈડ કરવા ગયા ત્યારે કયા સરકારી કે ખાનગી વાહનમા ગયા હતા તે હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. રેઈડ કરવા ગયા હતા તે વિસ્તારમાં આજુબાજુ ઘણા રહેણાંક મકાનો આવેલા છે.

આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા આ કામે કબજે કરેલ પ્રોહી મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાથી મળી આવેલ નથી એટલે કે બીનવારસી મળી આવેલ છે. વધુમા આ બનાવ અંગેની શ્રી સરકાર તરફે તેમણે આપેલી છે, પરંતુ આ કામે તપાસવામા આવેલ પંચસાહદો તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી કોઈ મુદ્દામાલ કબજે લેવામા આવેલ હોય તેવુ બનેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને પોલીસે તૈયાર પંચનામામા સહી કરાવેલી તેમ જણાવે છે. વધુમાં બનાવવાળી જગ્યા એ ખુલ્લી જાહેર જગ્યા છે.ઘરના ખૂણામાંથી મુદામાલ કબજે કરેલ જેથી સદર આરોપીનો જ આ મુદામાલ છે તે નિશંકપણે કહી શકાય નહી. વળી આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ નથી. જેથી પણ પંચોની હાજરીમાં આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે લીધેલ હોય તે હકીકત અંગે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં સદર મકાન આરોપીની માલીકીનુ છે કે કેમ તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો તપાસ કરનાર અમલદારે તપાસના કામે રજુ રાખેલ નથી. આથી ફરીયાદીના પુરાવાના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે **ત.ક.અ. બીપીનભાઈ દીલીપભાઈને આંક–૧૭** થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે ૨૦૨૫ની સાલમા તા. ૧૫/૨/૨૦૨૫ ના રોજ તેઓ તથા પો.સ્ટાફના માણસો પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે જખવાડે ગામે રહેતા કરણભાઈ છોટાભાઈ ઠાકોર ગોવિંદજી છોટાજી ઠાકોરના જુના મકાનમા ગેરકાયદેસર દેશી દારુનુ વેચાણ કરે છે નજીકમાથી બે પંચના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ જતા તપાસ કરતા સદરીના ઘરના ખુણામાંથી એક

પ્લાસ્ટિકના ટબમાંથી ૨૬ નંગ ભરેલ દેશી દારૂ કુલ ૧૩ લીટરનો કિંમત રૂ. ૨૬૦૦/–નો મળી આવેલ તેમાંથી થોડો દારૂ કેમીકલ સેમ્પલ અર્થે કબજે લઇ અને બાકીનો દારૂ તપાસ અર્થે કબજે લીધેલ. ગુનાની ફરીયાદ રજીસ્ટરે થઇ તપાસ તેઓને સોંપેલી. જે સંબંધે આગળની તપાસ તેઓએ કરી અને નિવેદનો લીધેલ પંચનામુ કરેલ અને મુદામાલ એફ.એસ.એલમાં મોકલી આપેલ તપાસના અંતે આરોપી ઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અ.શ્રી નાઓની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.રેઇડવાળી જગ્યાએ રહેણાંક મકાનો આવેલ છે. ઘણા બધા માણસોની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાના માલીકીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

આમ ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લેતા સદર ગુનાના કામે કરેલી કાર્યવાહીનો પુરાવો આપે છે તેમજ આ કામે કબજે કરેલ પ્રોહી મુદામાલ આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી મળી આવેલ નથી એટલે કે બીનવારસી મળી આવેલ છે. વધુમાં બનાવ સ્થળેથી આરોપી મળી આવેલ નથી તેમજ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી તેમ ફરીયાદી પણ તેમના પુરાવામા જણાવે છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી. આ કામે તપાસેલ પંચસાહેદો પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી જેથી પંચોની હાજરીમા મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોવાની હકીકતને પંચોના પુરાવાથી સમર્થન મળતુ નથી. આ કામે તપાસેલ પંચ તટસ્થ છે તેમ છતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. બનાવ સબંધે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી જે હકીકત ધ્યાને લેતા આ કામે પોલીસ સાહેદોના પુરાવાને જયાં સુધી સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી માત્ર પોલીસ સાહેદનાં પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમા કહેવાતુ સ્થળ આરોપીની માલીકીનુ છે કે કેમ તે અંગે કોઇ દસ્તાવેજી આધાર પુરાવા

રજુ રાખેલ નથી. જે સંજોગોમા ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૧)** ઉપરોક્ત તમામ સંજોગોમાં, રેકર્ડ પરની હકીકતો તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેતો, હાલના કેસના પંચ સાહેદો કે જેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને તેમજ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી તે હાલના કેસને મદદરૂપ નથી. તેમજ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર તેમની ફરીયાદ હકીકત તથા તપાસને અનુરુપ પુરાવો આપે છે પરંતુ ખરેખર આ પંચનામાંની હકીકત મુજબ પંચોની હાજરીમા મુદ્દામાલ કબજે થયેલ હતો કે નહિ એ માત્ર ત.ક.અ.એ જણાવેલ જુબાની ઉપરથી પુરવાર થતુ ન હોય તે હકીકત શંકાસ્પદ બને છે. વધુમાં આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી હાલનો મુદામાલ મળી આવેલ નથી. આમ ફરીયાદપક્ષ તેમનો કેસ નિષ્પક્ષ રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. આ કામે ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ ? તે હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ જ સદર ગનો કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રના સિંધ્ધાતો પ્રમાણે ફરીયાદપક્ષનો કેસ આરોપી વિરૂધ્ધ નિંશકપણે પુરવાર કરવાનો હોય છે તથા વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવો જોતાં ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર થયેલ નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાના કારણો મુજબ સદર કામના આરોપીને તકસીરવાન ઠરાવવાનું ન્યાયોચિત જણાતું નથી. આ પ્રસ્થાપિત સિંધ્ધાત મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતે '' **કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' એ. આઈ. આર. ૨૦૧૨ એસ. સી. પાના નં. ૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે તે સિંધ્ધાતો જોતાં તેના પેરા–૨૮ માં ઠરાવેલ છે કે, *"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never*

*take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે તથા મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ::**

(૧) આ કામના આરોપી **કરણભાઈ છોટાજી ઠાકોર** રહે. જખવાડા તા- વિરમગામ જી. અમદાવાદનાઓને તેઓની વિરુધ્ધના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી

બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપિલ સમય વિત્યા બાદ મુદ્દામાલ પાવતીમા દર્શાવેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબના અપિલ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાત્રી આપતા રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા તથા જામીન રજુ રાખવા

હુકમ આજ તારીખ: ૧૬ મી માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વિરમગામ.
તા. ૧૬/૦૪/૨૦૨૬

(કીર્તિ શર્મા)
એડી. જ્યુડી. મેજી. ફ.ક.,
વિરમગામ.
Code No. GJ01721